સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

ભૂલ્યા હતા એ સમાજે, હવે પ્રેમ ઉભરાય છે
ઉશ્કેરીને, ધર્મ-જ્ઞાતિવાદ, હવે ગભરાય છે
ભભરાય છે ભાષા ભૂંડી ભસે કૂતરાં-બિલાડાં
પડે પાસા ઉંધા પતનના ડંકા સંભરાય છે!

સંઘ શાસન!
ચાલે છે શિસ્તબધ્ધ -
ફંડ લગામે..

લેટી પડ્યો છે,
મેવાની પથારીમાં -
સેવા નો સંઘ

હાઈકુ

ચિંતન

આયાસ-રાત-લબ્ધસ્ય પ્રાણેભ્યોઅપિગરીયસ ।
ગતિર્ એકૈવ વિત્તસ્ય દાનમ્ અન્યા વિપત્તય ॥

'સો સો, હજારો પ્રયત્નો કરીને મેળવેલા અને પ્રાણ કરતાં પણ અધિક - મહત્ત્વના માનીને સચવાતા ધનની સારી, શુભ ગતિ એક જ છે - દાન. ધનનો દાન સિવાયનો - બાકીનો ઉપયોગ આપત્તિ લાવનાર છે.'

આજે લોકોની વૃત્તિ જ 'ધન સંગ્રહ'ની થઇ ગઇ છે. ઓછા પુરૂષાર્થ - પરિશ્રમ વિના, ટૂંકે રસ્તે, ખોટે રસ્તે કરોડો-અબજો કેમ એકત્ર કરી લઉંની વૃત્તિથી લોભ-મોહ જાગે છે આવી બચતો 'જાડેજા બાપુઓ' અને એકના ડબલ કરી આપનારા પાસે જ પહોંચે છે. તો વળી કેટલાક માધુપુરા જેવા સહકારી સેવકોનાં સકંજામાં સપડાય છે..

યેનકેન પ્રકારે કરેલી બચતો, સંગ્રહની ગતિ સારી થતી જ નથી. નેતાઓ-સાહેબો ક્યાં તો જેલમાં, કોર્ટમાં આઇસીયુમાં જ મળતાં હોય છે.

પ્રાપ્ત ધનનો સદુપયોગ દાન-પુણ્ય, ધર્મ અને જરૂરિયાત-મંદ લોકોને મદદરૂપ થવામાં કરાય તે જ ધન 'સુલક્ષ્મી' બને છે અને એવી લક્ષ્મી જ સુખ-શાંતિ દાયક બને છે.

સુવિચાર

- ક્રોધનો ત્યાગ કરવાથી માણસ શોક રહિત થાય છે, કામનો ત્યાગ કરવાથી માણસ સંયમી થાય છે, લોભનો ત્યાગ કરવાથી માણસ સંપત્તિવાન થાય છે, અને મનનો ત્યાગ કરવાથી માણસ સૌનો પ્રિય થાય છે, તૃષ્ણાનો ત્યાગ કરવાથી માણસ સુખી થાય છે. - વેદવ્યાસ
- પ્રાર્થનામાં ભાષા કરતાં ભાવ વધારે મહત્ત્વનો છે - શ્રી મોરારિદાસજી
- માણસના ટોળાં માણસ તો કોક રડ્યો-ખડ્યો જ હોય છે, બાકી તો બધાં વેટાં-બકરાં, કાર્યીંડા, શિયાળ અને વાઘ-વરુ જ હોય છે - જોસેફ હોલ
- આપણું ધ્યેય 'સત્ય' હોવું જોઇએ, 'સુખ' નહીં - સુકરાત
- આપણામાં પ્રભુની હાજરીનું પ્રથમ ચિહ્ન છે 'માનસિક શાંતિ' - ગાંધીજી
- જે શીખવા જેવું છે તે ક્યારેય કોઇ, કોઇને શીખવી શકતું નથી - ઓસ્કાર વાઇલ્ડ

બોધકથા

કેટલાંક લોકોની એવી ટેવ હોય છે કે પોતે, દુઃખી છે, પોતે વડીલ છે પણ ઘરમાં કોઇ માન-સન્માન આદર આપતું નથી. સરખા જવાબ આપતું નથી. કોઇ વાત પણ સરખી રીતે કહેતું નથી. મારો મત-અભિપ્રાય કોઇ માગતું નથી વગેરે.. આવી ફરિયાદોનાં રોદડાં જે મળે તેની પાસે રડે. પછી રોજ એને કોણ સાંભળે? લોકો - એનો 'સ્વભાવ' સમજી તેને ટાળવા પ્રયત્ન કરે છે.

એક સંત પાસે જઇને આ વડીલે પોતાનાં આ દુઃખની વાત કરી. સંત કહે આ પ્રશ્નનો જવાબ તમને સાંજે મારા વ્યાખ્યાનમાં મળી જશે..

સાંજે સંતે વ્યાખ્યાનમાં એક રમૂજી ટૂચકો કહ્યો, લોકો ખૂબ હસ્યા, પછી થોડી વાર રહીને ફરી એજ ટૂચકો ટૂંકાવીને બીજી વાર કહ્યો. ફરી કેટલાક લોકો હસ્યા, પણ પછી તો ત્રીજી-ચોથી વાર એ જ ટૂચકો ફેરવી-ફેરવી કહ્યો, લોકો હસ્યા તો નહીં પણ હવે બીજું ઉદાહરણ આપે તો સારું એવી ચર્ચા પણ થવા લાગી.

સંત વડીલ સામે જોઇને પૂછ્યું. તમને દૃષ્ટાંત સમજાયું? વડીલે - કંટાળીને જવાબ દીધો એકને એક ઉદાહરણ કહો પછી તો સમજાય જ ને!

સંત કહે તમને મારાં હસવાના ઉદાહરણમાં પણ જો એટલો કંટાળો આવતો હોય તો તમારાં રોજનાં રોદડાં તો કોણ સાંભળે!

પેલા વડીલને હવે પોતાના સ્વભાવ અને સ્થિતિનું ભાન થયું.

રજિસ્ટ્રાર ઓફ મેરેજ તમને જે લગ્નનું સર્ટિફિકેટ આપે એ જ તમારા લગ્નનો ખાતરીપૂર્વકનો અને બધાને જ માન્ય રાખવો પડે એવો પુરાવો છે

નસીબ માટે એમ કહેવાય છે કે,
ન જાણ્યું જાનકીનાથે,
સવારે શું થવાનું છે?

પણ હમણાં હમણાંથી લગ્નનને રજિસ્ટર કરાવવાને લગતાં નિયમો માટે પણ ચોક્કસપણે કંઇ કહી શકાતું નથી. તમે ક્યાં અરજી કરો છે, જેની આગળ અરજી કરો છો એ ઓફિસર કરો છે અને કેવો છે ઉપરાંત તમે એ કેટલો ખુશ કરો છો એના ઉપર તમારા લગ્ન રજિસ્ટ્રેશન અવલંબિત રહે છે. આપણા કાયદાઓ જણાવે છે કે તમે લગ્ન ભલે મંદિરમાં, ચર્ચમાં, ગુરુદ્વારામાં, મૌલવી પાસે, ઘરમાં, લગ્નનાં હોલમાં કે આર્યસમાજમાં, ગમે ત્યાં કર્યાં હોય, તમે ગમે તે જાતિનાં હો પણ તમારે લગ્ન રજિસ્ટ્રાર ઓફ મેરેજીસ પારે રિજસ્ટર કરવાનાં રહે છે. આર્યસમાજમાં લગ્ન કરતાં એ સંસ્થા તમને ગમે એને ત્યાં વિધિપૂર્વક લગ્ન કર્યાં હતાં એવું સર્ટિફિકેટ આપે છે. ચર્ચમાં લગ્ન કરો તો પાદરી કે જે ચર્ચમાં લગ્ન કરો તો પાદરી કે જે ચર્ચમાં લગ્ન કર્યાં હોય તે ચર્ચ તમને તમે એક બીજા જોડે આજીવન લગ્નગ્રંથિથી જોડાયાં છો એવું સર્ટિફિકેટ આપે છે. કાજીની હાજરીમાં નિકાહ પઢ્યા હોય તો કાજી પણ તમને નિકાહનામું આપે છે. આ બધાં જ પ્રમાણપત્રો કે સર્ટિફિકેટ માન્ય રાખવામાં નથી આવતાં. તમે લગ્ન કર્યાં છે એ પુરવાર કરવાની જરૂર પડે ત્યારે આ સર્ટિફિકેટો ઉપરાંત તમારે સરકારે નીમેલા મેરેજ રજિસ્ટ્રારની ઓફિસમાં જઇને તમારા લગ્નની નોંધણી કરાવવાની રહે છે. રજિસ્ટ્રાર ઓફ મેરેજ તમને જે લગ્નનું સર્ટિફિકેટ આપે એ જ તમારા લગ્નનો ખાતરીપૂર્વકનો અને બધાને જ માન્ય રાખવો પડે એવો પુરાવો છે. જો તમે તમારા લગ્ન રજિસ્ટ્રાર ઓફ મેરેજીસમાં રજિસ્ટ્રાર કરાવીને એમનું મેરેજ સર્ટિફિકેટ મેળવ્યું ન હોય તો તમે ખરેખર લગ્નગ્રંથિથી જોડાયા છો એવું ઘણી ઓથોરીટીઓ કબૂલ રાખતી નથી. લગ્ન બાદ છૂટાછેડા લેવા હોય તો પણ તમારો લગ્નનું સર્ટિફિકેટ ડિવોર્સના પિટિશન જોડે આપવાનું રહે છે. જો એવું સર્ટિફિકેટ ન હોય, તમે વર્ષે પહેલાં લગ્ન કર્યાં હોય અને એ વખતે તમારા લગ્ન રજિસ્ટ્રર ન હોય, તમે વર્ષો પહેલાં લગ્ન કર્યાં હોય અને એ વખતે તમારાં લગ્ન રજિસ્ટ્રર ન કરાવ્યા હોય, તો છૂટાછેડાના પિટિશન જોડે તમારે સોગંધનામું આપવું પડે છે કે તમે તમારી પત્ની યા પતિ જોડે અમુક તારીખે અમુક જગ્યાએ લગ્નગ્રંથિથી જોડાતાં હતા અને એ લગ્ન લગ્ન કરવાં તમે બેઉં લાયક હતા. તેમજ લગ્ન માટે જરૂરી બધી જ વિધિઓ કરવામાં આવી હતી અને ત્યારબાદ તમે બેઉં પતિ-પત્ની તરીકે સાથે રહ્યાં હતા અને અમુક સંજોગાવશાત તમે તમારાં લગ્ન રજિસ્ટર કરાવ્યાં ન હતા.

લગ્ન બાદ જો સ્ત્રીએ જો તેના પતિનાં રેશનિંગ કાર્ડમાં પોતાનું નામ દાખલ કરવું હોય તો રેશનિંગ ઓથોરીટી તમારા લગ્ન એ વ્યક્તિ જોડે થયા છે એના પુરાવારૂપે મેરેજ સર્ટિફિકેટ આપવાનો આગ્રહ રાખે છે. જો લગ્ન બાદ તમારે પાસપોર્ટમાં તમારા પિતાનું નામ અને અટક કાઢી પતિનું નામ અને અટક દાખલ કરવી હોય તો પણ મેરેજ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ રજૂ કરવાની જરૂરિયાત રહે છે. પતિના મૃત્યુ બાદ પતિના નામની ભાડાની જગ્યાની ભાડા ચિઠ્ઠી તમારા નામ ઉપર કરાવવી હોય તો પણ તમારે મેરેજ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ રજૂ કરવાનું રહે છે અને આ જ પ્રમાણે ઓનરશિપનો ફ્લેટ હોય એ સોસાયટીના રેકોર્ડમાં પતિના મૃત્યુ બાદ પત્નીએ પોતાનું નામ દાખલ કરાવવું હોય તો સોસાયટી પણ મેરેજ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ દેખાડવાનું જણાવે છે. શેર ટ્રાન્સફર કરાવવા હોય, બેન્કમાં એકાઉન્ટ ખોલવું હોય, સેફ ડિપોઝીટમાં લોકરનાં નામ જોડવું હોય આ બધામાં જ મેરેજ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ રજૂ કરવાની જરૂરિયાત રહે છે.

થોડા સમય પહેલાં મુંબઇ મેરેજ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ મેળવવું સહેલું હતું. લગ્નબાદ પતિ-પત્ની નિયત કરેલું ફોર્મ ભરીને એના ઉપર ગોર મહારાજની કે કાજી કે પાદરીની સહી લઇને ત્રણ સાક્ષીઓ જોડે મેરેજ રજિસ્ટ્રારની ઓફિસમાં જાય અને એમની લગ્નની નોંધણી કરાવે એટલે થોડા દિવસોમાં એમને મેરેજ સર્ટિફિકેટ મળી જતું હતું. જો ત્યાનાં કલાર્કને થોડી દાન-દક્ષિણા આપવામાં આવે તો એ સર્ટિફિકેટ બીજા દિવસે પણ મળી શકતું હતું. પણ થોડા સમય પહેલાં નિયમો બદલાયા અને હવેથી મેરેજ રજિસ્ટ્રારની ઓફિસમાં જવાનું રહે છે. આટલું તો જાણે સમજ્યા પણ બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનની એમના જુદાં જુદાં વોર્ડનાં હિસાબે જુદી જુદી ઓફિસો છે જે જુદી જુદી જગ્યાઓએ આવેલી છે, આમાંથી કઇ ઓફિસમાં જવું એની ચોક્કસ માહિતી આપવામાં નથી આવી એમ જણાવવામાં આવ્યું કે, લગ્ન કરનાર વ્યક્તિઓજે વોર્ડમાં રહેતી હોય, મ્યુનિસિપલ કોર્પોરેશનની એ ઓફિસમાં લગ્ન - રજિસ્ટર કરાવવા જોઇએ, હવે જો વર અને વહુ એક જ વોર્ડમાં રહેતા હોય તો જાણે વાત સહેલી બની જાય પણ જો તેઓ જુદા જુદા વોર્ડમાં રહેતા હોય તો જાણે વાત સહેલી બની જાય પણ જો તેઓ જુદા જુદા વોર્ડમાં રહેતા હોય તો બેમાંથી કયા વોર્ડમાં જવું? પતિ જ્યાં રહેતો હોય એ વોર્ડમાં જવું કે પત્ની જ્યાં રહેતી હોય એ વોર્ડમાં જવું અને જે બેમાંથી કોઇ એક મુંબઇની બહાર બીજા કોઇ શહેરમાં રહેતું હોય તો વ્યક્તિ જે મ્યુનિસિપલ વોર્ડમાં રહેતી હોય એ વોર્ડની ઓફિસમાં બીજી વ્યક્તિ જે શહેરમાં રહેતી હોય એ શહેરની મ્યુનિસિપલ ઓફિસ કે બીજી વ્યક્તિ જે શહેરમાં રહેતી હોય એ શહેરની મ્યુનિસિપલ ઓફિસમાં કે ગ્રામ પંચાયત કે તલાટીની ઓફિસમાં અને જો લગ્ન એક શહેરમાં થયા હોય અને પતિ-પત્ની બેઉં કોઇ ત્રીજા અને ચોથા શહેરમાં રહેયા હોય તો એ લગ્ન ક્યાં રજિસ્ટર કરવા. આવી બધી બાબતોની ચોખવટ ક્યાંયે મળતી નથી અને દરેક મ્યુનિસિપલ વોર્ડના કર્મચારીઓ જુદી જુદી રીતે પોતાને મનફાવે એ રીતે વર્તે છે. ઘણીવાર તો જે સાક્ષીઓને લઇ જવામાં આવ્યા હોય છે, એ પણ એમનાં વોર્ડમાં હોવા જોઇએ એવું એ લોકો આગ્રહ રાખતા હોય છે, એટલું જ નહીં, પણ સાક્ષીઓ તેમ જ વર-કન્યા પુરાવા રૂપે જે દસ્તાવેજો લઇ જતાં હોય છે. એ ઓળખપત્રો સરકારી હોવા છતાં તેઓ માન્ય રાખવાની ના પાડે છે. આમ સામાન્ય જનતાની હાલાકીમાં અનેક ઘણો વધારો થયો છે અને હવે એ ચોક્કસપણે કહી શકાતું નથી કે તમે તમારા લગ્ન ક્યાં રજિસ્ટર કરાવી શકો અને એ માટેની ક્યા ક્યા દસ્તાવેજોની જરૂરિયાતો છે અને રજિસ્ટર કર્યા બાદ કેટલા દિવસે તમને તમારા લગ્નનું પ્રમાણપત્ર આપવામાં આવશે. મહેન્દ્ર મહેતા અનેક વર્ષોથી પ્રેક્ટિસ કરતા એડવોકેટ છે. એમના એક કલાયન્ટે ઇંગ્લેન્ડમાં રહેતી એક ભારતીય સ્ત્રી જોડે લગ્ન કર્યાં. ત્યારબાદ એમનો કલાયન્ટ જ્યાં રહેતો હોય એ વોર્ડની મ્યુનિસિપલ ઓફિસમાં એમના કલાયન્ટ અને એમની પત્નીને લઇને મેરેજ રજિસ્ટ્રેશન કરવા ઓફિસર આગળ તેઓ ગયા એ ઓફિસર લઇને મેરેજ રજિસ્ટ્રેશન કરવા ઓફિસર આગળ તેઓ ગયા એ ઓફિસર અન્ય કામોમાં વ્યસ્ત હતો. આથી અડધો કલાક વાટ જોયા બાદ મહેન્દ્રભાઇ અને એમના કલાયન્ટ અને એમની પત્નીને પાછા જવું પડ્યું. બીજે દિવસે ગયા ત્યારે ઓફિસર ન હતો પણ ત્યાંના પ્યુને મહેન્દ્રભાઇને જણાવ્યું કે જો ઝટપટ કામ કરવાનું હોયતો મહેન્દ્રભાઇએ આવવાની જરૂર નથી એમના કલાયન્ટને જ તેઓ મોકલી આપે એ બધું પતાવી આપશે. મહેન્દ્રભાઇ એક પ્રામાણિક એડવોકેટ છે. એમની જિંદગીમાં કદીએ લાંચ આપી નથી પણ તેઓ સાનમાં સમજી ગયા કે જો ઓફિસરને દાન-દક્ષિણા આપવામાં નહીં આવે તો એમના કલાયન્ટને ધક્કા થશે અને સર્ટીફિકેટ મેળવવામાં ખોટો વિલંબ થશે. આથી લાંચ રૂશ્વત વિરૂધ્ધ હોવા છતાં મહેન્દ્રભાઇએ બીજા દિવસે એમનાં કલાયન્ટને એ ઓફિસમાં એકલા જવાનું કહ્યું. એમના લગ્ન તરત જ રજિસ્ટર થઇ ગયા અને બીજે દિવસે તો સર્ટિફિકેટ પણ મળી ગયું. આ તો એક નજીવી વાત છે. આવી તો કંઇ કેટલીય વાતો છે જ્યાં ન નિયમ નક્કી હોય છે કે ઓફિસરો બરાબર કામ કરતા હોય છે. આમાં હવે અણ્ણા હઝારે શું કરી શકે?

(સૌજન્ય : મુંબઇ સમાચાર)

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

આપણે લોકો હજી જન્મ-મરણ અને લગ્નની નોંધણીના મુદ્દે હોવાં જોઇએ એટલાં જાગ્રત નથી બન્યાં. મરણની નોંધણી વારસાઇ માટે જરૂરી છે એમ લગ્નની નોંધણી 'જીવન' માટે જરૂરી ગણાવી જોઇએ. વિશેષપણે આપણી ભલી ભોળી ગુજરાતણોએ લગ્ન નોંધણીના મુદ્દે વધારે સાવચેત રહેવાની જરૂર છે. 'મુંબઇ સમાચાર' માં 'કાયદાની કલમે' શીર્ષક હેઠળ નિયમિત માર્ગદર્શન આપતાં એડવોકેટ સુશ્રી પ્રીતિ ગડાનો આ લેખ 'ગાંધીનગર સમાચાર' ની મહિલા વાંચકોને સવિશેષ ઉપયોગી અને પ્રેરણાદાયી બની રહેશે.

- અચના પટેલ

અણ્ણા હઝારે શું કરી શકે?

ધીરજ, ધ્યાન અને ત્વરિત નિર્ણય શક્તિ તેમજ વ્યૂહરચના માહેર બનાવતી ચેસની રમતની રસપ્રદ વાતો જાણવી છે? તો આ પુસ્તક વાંચો

વિશ્વનાથન આનંદન ચેસની રમતમાં વર્લ્ડ ચેમ્પિયન બન્યો ત્યારે મીડિયાએ તેનો જય જયકાર કર્યો અને સચીનની જેમ વિશ્વનાથન આનંદને પણ ભારતરત્ન આપવાની માંગણી સુધ્ધાં કરવામાં આવી. હા, એ વાત સાચી છે કે - વિશ્વનાથન આનંદની એકલપંડે મેળવેલી આ એક મોટી સિધ્ધિ છે અને આવી સિધ્ધિ તે એકવાર નહીં પણ પાંચ પાંચ વાર મેળવવામાં સફળ થયો છે. આ અગાઉ ૨૦૦૦, ૨૦૦૭, ૨૦૦૮, ૨૦૧૦ માં પણ તે ચેમ્પિયન બની ચુક્યો છે.

ચેસની આ રમત શું છે તેને સરસ રીતે સમજાવતું અને ચેસની રસપ્રદ વાતો રજુ કરતું એક પુસ્તક મયુર પટેલ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં લેખકે બાળપણમાં કંઇ રીતે ચેસની રમત શીખી અને તે પછી તેમાં કઇ રીતે આગળ વધ્યા તેની વાત પોતાના નિવેદનમાં ખુબ સરસ રીતે કરી છે. જેમાં ભારતીય ટીમના કોચ તરીકે તેમની પસંદગી, ચેસના આયોજક તરીકેની કામગીરી, ચેસની રમતના વિકાસમાં મહત્ત્વની ચાલ જેવી વાતોથી લેખકના વ્યક્તિત્વ અને ચેસ પ્રત્યેની તેમની આધારભૂત યોગ્યતાનો પણ ખ્યાલ આવે છે. પુસ્તકમાંથી પસાર થતાં, કરૂણામાંથી જન્મતો કલાકાર બૉબી ફિશર, વિશ્વનાથન આનંદની કેટલીક રસપ્રદ વાતો, ભારતીય ચેસને વર્લ્ડ કક્ષાએ મૂકનાર સમર્થ આયોજકો, જહૉન અને નીલ જેવા ઑસ્ટ્રેલિયન મિત્રોની જંગલી હાથી સામે ચેસની કારણે જિંદગી બચી તેની રસપ્રદ વાત, ચેસની રમતમાં રશિયનોનું સામ્રાજય, ભારતીય ખેલાડીઓની દૃષ્ટિએ ચેસ, ચેસ જગતની યાદગાર ઘટનાઓ, ચેસની રસપ્રદ રમતો, ચેસની મહારાણી જયુડીસ પ્રોલગર, આંતરરાષ્ટ્રીય રેટિંગમાં મોખરે ગેરી કાસ્પારોવ અને મહાન ખેલાડીઓની મહાન રમતોનો પુસ્તકમાં સમાવેશ કરવામાં આવે છે.

ઇન-ડોર ગેમ્સમાં 'ચેસ' સૌનો કિંગ છે. ચેસ એ માત્ર ટાઇમ પાસિંગ ગેમ નથી. પરંતુ બુધ્ધિવર્ધક ગેમ છે. ચેસ રમવામાં કુશળ હોય તેવી કોઇ પણ વ્યક્તિને જોશો તો તેની પ્રતિભા કંઇક જુદી જ હશે. કારણ કે આ રમત માનવીની વ્યુહ કુનેહને સુદ્રઢ બનાવે છે.

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ચેસ રમવાથી ધ્યાન, ધીરજ અને બુધ્ધિ શક્તિનો વિકાસ થાય છે. તે ઉપરાંત ચેસની રમતનું જીવનમાં પણ ઘણું સામ્યા છે. ચેસમાં ધીરજ રાખી રમતા રહીએ તો ખરાબ પરિસ્થિતિમાં પણ રસ્તો નીકળે છે. તેવું જ જીવનમાં પણ છે. પરિસ્થિતિ સામે હારી જવાને બદલે પોઝીટીવ વર્તન રાખો તો વિપરિત પરિસ્થિતિમાં પણ માર્ગ નીકળે છે.



ચેસની ગણતરીમાં ત્રણ કૉમ્બિનેશન બૉર્ડ પર પડેલ હોય તેમાંથી કયું રમવાથી ઝડપથી જીતી શકાય. આજ બાબત જિંદગીમાં પણ ત્રણ સફળતાની લાઇનો તમારી સમક્ષ હોય તો કઇ લાઇન પકડી કાર્ય કરવાથી સફળ વધુ થવાય એ ક્ષમતા ચેસ શીખવા મળે છે.

એક હરિફાઇમાં એક રમત હારી જવાય તો પણ તે ભૂલી બીજી બાજી જીતવાની પ્રતિબધ્ધતા ખેલાડી કેળવે છે. આજ બાબત જીવનમાં નિષ્ફળતા આવી હોય તો નિષ્ફળતાને ભૂલી સફળ થવા ફરી લાગી જવું તે બે ચીજો ચેસ શીખવે છે.

તેથી જ આપણા મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ એક પ્રવચનમાં કહ્યું હતું કે, કોઇ પણ યુધ્ધ બળથી નહીં વ્યુહરચનાથી જીતાય છે. ચૂંટણી પણ પૈસા કે બળથી નહીં વ્યુહરચનાથી જીતાય છે. જેથી તેમણે ગુજરાતનો યુવાવર્ગ વ્યુહરચના ધરાવતાં થાય અને મજબૂત મનોબળનો બને તે માટે અમદાવાદ ખાતે મેગા આયોજન કરી ચેસની રમતનું આયોજન કરેલું જેમાં ૨૦,૦૧૭ બાળકોની સામે ૧૦૦૦ માસ્ટર્સ રમ્યા એ ગુજરાતે વર્લ્ડ રેકોર્ડ કરી ગીનીસ બૂકમાં સ્થાન મેળવ્યું.

ચેસ મૂળભૂત રીતે ભારતની રમત હતી. પહેલાં રાજાઓ આ રમત મેદાનોમાં ઘોડા, ઊંટ, વજીર, રાજા અને સિવાયના મહોરાં પહેરી માણસોને ઉભા રાખી આ રમત રમતાં, વર્ષો પછી ચાણક્યએ આ રમતને ૬૪ ખાનામાં કંડારી, આ રમતને એ વખતે ચતુરંગના નામે ઓળખાતી. ભારતની આ રમતમાં ભારતીય ખેલાડીઓ મહેનત અને રિયાઝ કરી ન શક્યા. જયારે આ જ રમતમાં વિજ્ઞાનિકોની માફક રશિયન ખેલાડીઓએ ખૂબ જ મહેનત કરી આ રમતને રશિયાની રમત બનાવી. વર્ષો સુધી રશિયન ખેલાડીએ ચેમ્પિયન રહ્યા. પરંતુ છેલ્લા દાયકામાં વિશ્વનાથન આનંદે વર્લ્ડ ચેમ્પિયન બની આ રમત ઉપર ભારતની મહોર મારી દીધી છે.

ચેસની રસપ્રદ વાતો પુસ્તકમાં લેખકનો અલગથી કોઇ પરિચય આપવામાં આવ્યો નથી પરંતુ તેમના નિવેદનમાં રજૂ થયેલ વિગતો પરથી મયુર પટેલ ચેસની ભારતીય ટીમના કોચ તેમજ એક સારા આયોજક છે. તે વાત જાણવા મળે છે. ચેસ જેવી રમતની આવી સુંદર રસપ્રદ વાતો રજૂ કરતું આ પ્રથમ પુસ્તક છે. જેથી તેના પ્રકાશક મનુભાઇ શાહ અને ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના સૌ કોઇ મિત્રો અભિનંદનના અધિકારી છે. જેમણે એક વિશિષ્ટ વિષયનું રસપ્રદ આગવું પ્રકાશન કર્યું છે.

ચેસની રસપ્રદ વાતો
લેખક - મયુર પટેલ
પ્રકાશક - ગુર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ - ૨૨૦૧૨, કિંમત - રૂા. ૧૦૦/-
પાનાં - ૮ +૧૪૪

કોલેજમાં સૌ મિત્રો એકબીજાને અભિનંદન આપતા સંધ્યાની અને દેવાની આવવાની રાહ જોતા હતા, સૌ પોતપોતાની માર્કશીટ લઇ એકબીજાને જોતા હતા, ત્યાં સંધ્યા અને દેવો એક સાથે કોલેજ પહોંચ્યા

ઘરનું ઘર થઇ જતાં જમનાદાસ અને જમાનાના હૈયા હળવા થઇ ગયા હતા. તેમના હૈયે હરખનો પાર ન હતો. ઘરે હવન-હોમ યજ્ઞ કરાવ્યા, રાત્રે કથા કિર્તન-ભજન થયા પ્રસાદથી સૌના મોં મીઠા કરાવ્યા. સગાં-સબંધીઓને કંસાર કરી જમાડ્યા. સંધ્યાના પપ્પાએ દેવાને તેમના કુટુંબનો તારણહારમાની ઉપકાર માન્યો. આથી સંધ્યાના મા-બાપે કહ્યું, 'દેવાભાઇ, અમો જનમોજનમ તમારા ઋણી છીએ. આપણા વચ્ચે ગયા ભવની કોઇ લેણદેણ બાકી રહી ગઇ હશે, તે આ જન્મે આપણે ભેગા થયા. મારી દીકરી સંધ્યાના સંબંધના કારણે તમે અમારી આર્થિક ભીડ માંગીને પડખે ઊભા રહ્યાં એ બદલ તમને ખુબ ખુબ ધન્યવાદ.'

આથી દેવાએ કહ્યું, 'માસા, લક્ષ્મી તો ચંચળ છે. કોણ કોના ભાગ્યનું ખાય છે. એ કોને ખબર છે! આતો બધી ભગવાનની કૃપા છે.'

'દેવાભાઇ, આ કળિકાળમાં કોઇ સગાસંબધી અમારી મદદે ન આવ્યા અને તમે અમને આર્થિક મદદ કરી એટલે અમારે ઘરનું ઘર થઇ ગયું. ઘરનં સૌ પર આવી પડેલ સંકટ દૂર થઇ ગયું.'

'માસા, તમારા કુટુંબ પર ભગવાનની કૃપા હશે. તમારા ભાગ્યમાં આ ઘર લખ્યું હશે એટલે આપણી વચ્ચે આવા સંજોગો ઉભા થયા અને તમારી ચિંતાનો અંત આવ્યો.'

'દેવાભાઇ, કયા શબ્દોમાં તમારા વખાણ કરવા એ મને સમજાતું નથી.' સંધ્યાના મમ્મીએ કહ્યું.

'ઠીક સંધ્યા, હવે હું મારા રૂમ પર જાઉં છું. પછી મળીશું.' રૂમ પર જવાની તૈયારી કરતા દેવો બોલ્યો.

જમનાદાસ એ જમના સૌ આનંદથી રહેવા લાગ્યા. હવે તેમને માત્ર એક જ ચિંતા હતી, અને તે

પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૨)

- જયંતીલાલ મકવાણા

ચિંતા સંધ્યાના હાથ પીળા કરવાની. આથી સંધ્યાના મમ્મીએ એક દિવસ કહ્યું,

'આપણે હવે સંધ્યાના લગ્ન કરી દેવા જોઇએ!'

'હા, જમના, તારી વાત સાચી છે. આ જુવાન દીકરીને હવે આપણે પરણાવી દેવી જોઇએ!'

મા-બાપના મોંઢે સગપણની વાત સાંભળતા સંધ્યા વિચારે ચઢી ગઇ. દેવા સાથેનાં પ્રેમની વાત મા-બાપને કરવી કે નહીં! તે માટે તે દેવો મળવા માટે તેના રૂપ પર જવા તૈયાર થઇ, એ જ સમયે છેલ્લા ત્રણ માસની આર્થિક સહાય લેવાની બાકી હતી એની ટપાલ આવી. આથી સંધ્યા અને એના મમ્મી પેઢીએ આર્થિક સહાય લેવા માટે ગયા.

પેઢીએ પહોંચતા સંધ્યાએ આવેલી ટપાલ મેનેજર સાહેબને આપી. મેનેજરે ટપાલ વાંચી બાકી રહેલી ત્રણ માસની આર્થિક સહાયના રૂપિયા સંધ્યાના હાથમાં આપતા કહ્યું, 'બહેન, હવે વરસ પૂરું થઇ જતાં આવતા મહિનાથી તમારી આર્થિક સહાય બંધ થઇ જશે.'

આથી સંધ્યાની મમ્મીએ કહ્યું, 'સાહેબ, તમારો ખુબ ખુબ આભાર. તમારી આર્થિક સહાયથી મારી દીકરી એમ.એ. સુધી ભણી શકી.'

'બહેન, ઉપકાર મારો નહિ પણ અમારા શેઠનો માનો. હું તો આ પેઢીમાં નોકરી કરું છું.'

'તો તમારા શેઠનો મારે આભાર માનવો છે. એ કયારે મળશે?' જમના બહેન કહ્યું.

'બહેન, શેઠ ઓફિસમાં બેઠા જ છે.' બાજુની સીડી ઉપરથી જાવ.'

સંધ્યા અને તેના મમ્મી સીડી ચઢી ઉપર ગયા અને ઓફિસનું બારણું ખોલતાં સંધ્યા બોલી. 'મે, આઇ કમિંગ સર!'

'યસ'

શેઠની ચેર પર બેઠેલ વ્યક્તિને જોતાં સંધ્યા અને તેની મમ્મી આશ્ચર્યચકિત થઇ શેઠને જોતાં જ રહ્યા. તેમને જોઇ શેઠ બોલી ઉઠ્યા. 'આવો... આવો... માસી બેસો, અરે સંધ્યા, તું પણ! આમ અચાનક કેમ આવવાનું થયું?'

સંધ્યાએ નવાઇ પામતા પૂછ્યું, 'દેવા, આ પેઢીનો શેઠનું છે?'

'હા, સંધ્યા, ભગવાનની કૃપાથી અમારી પેઢી સારી ચાલે છે.'

'તો શું અત્યાર સુધી આર્થિક સહાય મને તમારા તરફથી મળતી હતી? તમારી મદદથી હું એમ.એ. સુધી ભણી શકી!'

'હા, સંધ્યા તારી આર્થિક સ્થિતિ જાણ્યા પછી મને એવું લાગ્યું કે આવી તેજસ્વી હોંશિયાર છોકરીની કારકિર્દી ઘડવા માટે તને આર્થિક સહાય કરવી જરૂરી હતી.' દેવાએ કહ્યું.

એક યુવાન છોકરાની મહાનતા જોતા સંધ્યાના મમ્મી બોલ્યાં, 'અ... ર... ર... દેવાભાઇ, તમે આટલા બધાં પૈસાદાર છો એની જાણ તો અત્યારેજ થઇ. અમે તમારી કોઇ શરભરા કરી શક્યા નથી? અમારી કોઇ ભૂલ થઇ ગઇ હોય તો માફ કરજો.'

'અરે માસી, તમે આ શું બોલો છો. આવું બોલી તમે મને શરમાવશો નહિ' દેવાએ કહ્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૧મી જૂન

- ૧૯૬૮ ના નોબેલ પુરસ્કાર વિજેતા - જાપાની સાહિત્યમાં નવો પ્રવાહ લાવનારા 'યાસુનારી કાવાલાતા'ની જન્મતિથિ.

યુકીગુની, સેવાગ્રુંટું, યામાનો ઓટો જેવી સાહિત્ય કૃતિ સ્નોકેન્દ્રી નવલકથાના લેખક, આંતરરાષ્ટ્રીય વિભૂતિ, આજે પણ જાપાનમાં અકબંધ લોકપ્રિયતા ધરાવે છે.

- મહારાણા પ્રતાપની છાપવાળી ટપાલ ટીકીટ ભારત સરકારે પ્રસિધ્ધ કરી.
- પ્રકૃતિ ચિત્રોના મહશૂહ ચિત્રકાર જહોન કોસ્ટેબલનો જન્મદિન ૧૭૭૬.
- ઉદ્યોગપતિ જે.ડી. બિરલાનું અવસાન - ૧૯૮૩.